# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## કોરોનાની ગંભીર બીમારીમાંથી સ્વસ્થતા પ્રાપ્ત કરતા લુણાવાડાની કોવિડ હોસ્પિટલના ડો. રવિ શેઠ

લુણાવાડા,
ડોક્ટરનો કર્મ અને ધર્મ છે માત્ર ને માત્ર દર્દીઓની સારવાર દ્વારા ઈશ્વરે આપેલી મહામૂલી જીંદગીને બચાવવી. ડોકટરો થકી સાંપડેલી સ્વાસ્થ્ય પ્રાપ્તિ માત્ર દર્દીઓને જ નહિ પરંતુ તેમના સમગ્ર ઘર–પરિવારને નવજીવન બક્ષે છે. તેઓ આ લક્ષ્યને પાર પડવા પોતાના જીંદગીની પણ પરવા કર્યા વગર અથાક પરિશ્રમ કરી રહયા છે. કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

કોરોનો મહામારી સામેના જંગમાં અનેક ડોકટર્સ, નર્સ સહિતના આરોગ્યકર્મીઓ ખુદ પણ સંક્રમિત થયા છે. આમ કોરોના મહામારીમાં સૌથી વધુ જોખમ કોઈ લેતું હોય તો તે છે ડોક્ટર અને તેમની નર્સિંગ ટીમ.

આવા જ એક ફ્રન્ટ લાઈન વોરિયર છે લુણાવાડા કોવિડ –૧૯ હોસ્ટિપટલમાં તબીબ તરીકે સેવા આપતા ડો. રવિ શેઠ, કોવીડ હોસ્પિટલ ખાતે ૧ લી સપ્ટેમ્બરથી દર્દીઓની સારવાર કરતા ડો. રવિ જણાવે છે કે, સારવાર કરતા કરતા હું પણ કોરોના સંક્રમીત થઈ જતા ગંભીર બીમારીમાં પટકાયો હતો. તબિયત નાદુરસ્ત રહેતા મને ૬ દિવસ સુધી ઓકસીજન પર રાખવામાં આવ્યો હતો. મહીસાગર જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી એસ.બી.શાહની રાહબરીમાં લુણાવાડા કોવિડ હોસ્પિટલના ડો.જીગર પટેલ અને સમગ્ર ટીમની સઘન સારવાર બાદ કોરોના જેવી ગંભીર બીમારી માંથી મુક્ત થયેલા ડો. રવિ શેઠ સમગ્ર તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો.

કોરોનાનો ભોગ કોઈ પણ બની શકે છે અને ડોક્ટર દર્દીઓના સતત સંપર્કમાં રહેતા હોઈ તેમના માટે ખુબ મોટું જોખમ રહેલું છે. પરંતુ અમારી ફરજ માત્ર ને માત્ર દર્દીઓની સેવા કરવાની હોવાનું અને એટલે જ લોકો ડોક્ટરને હંમેશા ભગવાન તરીકે જોતા હોવાનું ડોક્ટર રવિ શેઠ જણાવે છે.

આમ લુણાવાડા કોવિડ–૧૯ હોસ્પિટલમાં ફરજ બજાવતા સંક્રમિત થયા બાદ એ જ હોસ્પિટલમાં દાખલ થયેલ કોરોના યોદ્ધા ડો. રવિ શેઠે કોરોનાને હરાવી સ્વસ્થતા પ્રાપ્ત કરી છે.

## લુણાવાડા અર્બન હેલ્થ સેન્ટર દ્વારા મોડાસાફળીની આંગણવાડી ખાતે પોષણ માહ અને અર્બન હેલ્થ એન્ડ ન્યુટ્રીશન દિવસની ઉજવણી



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,
રાજય સરકાર સુપોષિત ગુજરાતના ધ્યેયને વરેલી છે અને મહિલા અને બાળ વિકાસ વિભાગના માધ્યમથી માતા અને બાળકોના સુપોષણ માટેની વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે.

પૂરક પોષણનો લાભ આપવાની સાથે છેક સગર્ભાવસ્થાથી તંદુરસ્ત બાળકનો જન્મ થાય તે માટે લેવાની થતી કાળજી અને તકેદારીનું માર્ગદર્શન પણ આપવામાં આવી રહ્યું છે.

મહીસાગર જિલ્લામાં જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ મહીસાગર જિલ્લામાં પોષણ માહની ઉજવણી કરવામાં આવી રહી છે.
તદ્અનુસાર લણાવાડા અર્બન હેલ્થ સેન્ટર દ્વારા મોડાસાફળીની આંગણવાડી ખાતે પોષણ માહ અને અર્બન હેલ્થ એન્ડ ન્યુટ્રીશન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી અંતર્ગત ઉપસ્થિત બહેનોને પૂરક આહાર અને આરોગ્ય લક્ષી શિક્ષણ આપવામાં આવ્યું હતું.

## કોરોનાના સંક્રમણ સમયમાં સંયમિત જીવનશૈલી અપનાવી સરકારની માર્ગદર્શિકાનુંપાલન કરીએ અને કોરોનાને હરાવીએ

લુણાવાડા,
કોરોનાની મહામારીના આ સમયમાં અને જીવનમાં ચડતી – પડતી, હાર – જીત અને સંઘર્ષ – વિઘર્ષ એ તો જીવનનો એક ક્રમ છે. વર્તમાન સમયમાં આ મહામારીથી આપણે સૌ કોઈ પીડિત થઈ રહયાં છીએ. વાસ્તવમાં આ સમય ડરવાનો નથી. ભયભીત થવાનો નથી. હંમેશા યાદ રાખીએ કે કોઈપણ સમય એક સમાન રહેતો નથી. આ દિવસો પણ પસાર થઈ જશે,થવાના જ છે. આ માટે આપણે સૌ સંયમિત જીવન પ્રણાલી અપનાવી સરકારની માર્ગદર્શિકાનું જરૂરથી પાલન કરીએ. નિયમ–સંયમ એ આપણા જીવનનું સુરક્ષા કવચ છે. સંયમનું બળ આપણને વધારે તાકાત પૂરી પાડે છે. કોરોનાની આ મહામારીથી બચવા માટે આપણે નિયમિત હાથ ધોઈએ,માસ્ક પહેરીએ,સોશ્યલ ડીસ્ટન્સ રાખીએ અને જરૂર વિના બહાર ન નીકળીએ. આ થોડા દિવસો જ કદાચ આપણી સામે આવ્યા છે, અને એ પણ જતા રહેશે. આ સમયમાં આપસમાં,ઘરમાં,પરિવારમાં એક બીજાનો સ્નેહ – પ્રેમ આપણું આત્મબળ વધારવા માટે નિમિત્ત બને છે. આથી જ જો કોઈ જાણ્યે અજાણ્યે સંક્રમિત થઈ જાય તો એ બધા પ્રત્યે આપણો ભાવ સકારાત્મક રાખીને તે ઝડપથી સ્વસ્થ થઈ જાય તેવી ભગવાનને પ્રાર્થના કરીએ.

કોરોનાને હરાવવા માટે આપણી રોગ પ્રતિકારક શક્તિ વધારવા નિયમિત પ્રાણાયામ,કસરત કરીએ સાથો–સાથ આયુર્વેદિક ઔષધિ – ઉકાળાઓનું નિયમિત સેવન કરીએ. અને જો આપણે આટલું કરીશું તો ચોકકસ કોરોનાનો આ કપરો કાળ પણ પૂરો થઈ જશે અને આપણે કોરોનાને હરાવીશું.

અહીં ખાસ ઉલ્લેખ કરવો જરૂરી છે કે, કોરોનાની મહામારીમાં જિલ્લાના નાગરિકોને કોરોના વાયરસના સંક્રમણથી સુરક્ષિત રાખવા અને રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય અને તેમની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે જિલ્લા કલેકટર આર.બી બારડ દ્વારા પણ જિલ્લાના પ્રજાજનોને અવાર–નવાર અપીલ કરવામાં આવી છે. ત્યારે આવો આપણે સૌ ફરી એક વાર સંકલ્પબદ્ધ થઈએ કે અમે સરકારની માર્ગદર્શિકાઓનું પાલન કરીને કોરોનાને હરાવીશું.

## મહીસાગર જિલ્લામાં લાગુ કરાયેલ હથિયાર બંધી

લુણાવાડા,
મહીસાગર જિલ્લામાં હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેની તકેદારી રાખવા માટે માટે મહીસાગરના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ આર. આર. ઠકકરે સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૩૭ (૧) હેઠળ તાત્કાલિક અસરથી અમલમાં આવે તે રીતે સમગ્ર મહીસાગર જિલ્લામાં હથિયારબંધી ફરમાવી છે.

તદ્નુસાર, આ સમયગાળા દરમ્યાન શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવા, કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવા, મનુષ્યો અથવા શબ તેમજ પૂતળા દેખાડવા, અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બીભત્સ સૂત્રો પોકારવા અથવા અશ્લીલ ગીતો ગાવા, જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવા ઉપર તથા તેવા ચિત્રો, પત્રિકાઓ કે પ્લેકાર્ડ અથવા બીજા કોઈપણ ક્ષયકારી પદાર્થ કે વસ્તુ તૈયાર કરવા, બતાવવા કે તેનો ફેલાવો કરવા તથા દેશ વિરોધી નારાઓ પોકારવા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

આ હુકમ સરકારી નોકરીમાં કામ કરતી કોઈપણ વ્યક્તિ કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા જેની ફરજ હોય, જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, જિલ્લા પોલીસ વડા કે તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશક્તિને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય, પોતાના લગ્ન પ્રસંગે તલવાર રાખી હોય તેવા વરરાજાને, યજ્ઞોપવિત આપવામાં આવી હોય તો તેવા બડવાઓને દંડ રાખેલ હોય તો તેને, પોલીસ અધિક્ષક અગર તો તેઓએ નિયુકત કરેલ અધિકારીની કાયદેસરની પરવાનગી મેળવેલ હોય તેવી વ્યકિતને, કીરપાણ રાખેલ શીખને, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અથવા સરકારી કામે પ્રવાસ કરતા વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

વધુમાં આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે તેમ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ આર. આર. ઠકકરે આ જાહેરનામા દ્વારા જણાવ્યું છે.

## ACBએ જૂનાગઢના ના.તહેસિલદારને ૧ લાખની લાંચ લેતા ઝડપી પાડ્યા



જૂનાગઢ,
જુનાગઢમાં જમીનનું એન.એ. કરવા બદલ નાયબ તહેસિલદારને એક લાખ રૂપિયાની લાંચ લેતા ઝડપાયો છે. એન્ટી કરપ્શન બ્યુરો (એસીબી) એ લાંચ લેતી વેળા નાયબ તહેસિલદાર જગદીશભાઈ ગોપાલભાઈ મકવાણાને રંગે હાથ ધરપકડ કરી હતી.

મળતી માહિતી મુજબ ફરિયાદીએ તેની જમીન પર ફેકટરી મૂકવા અને અન્ય વ્યવસાયિક ઉપયોગ માટે તેનો ઉપયોગ કરવા ઓનલાઈન અરજી કરી હતી. ત્યારબાદ સબ-તહેસિલદાર જગદીશભાઈ મકવાણા રૂબરૂ મળ્યા હતા. આ દરમિયાન તેમણે કહ્યું હતું કે તેમણે દરેક સમૂહગીત મીટર પર ૩૦ રૂપિયા ચૂકવવા પડશે જે મુજબ જમીનના કુલ કામકાજ રૂ ૩.૯૦,૦૦૦ છે. જોકે ફરિયાદી પાસે આટલા પૈસા ન હોવાને કારણે એક લાખ રૂપિયા આપવાનું નક્કી થયું હતું. બાકીના પૈસા કામ પછી થોડા-થોડા આપવાની વાત થઈ હતી. જોકે બાદમાં ફરીયાદીએ આ અંગે એસીબીને જાણ કરી હતી.

એ.સી.બી ના પીઆઈ એમ.એ.વાઘેલા સુપરવિઝન અધિકારી બી.એલ.દેસાઈના માર્ગદર્શન હેઠળ જાળ પાથરવામાં આવી હતી. ફરિયાદી એક લાખ રૂપિયાની લાંચ આપવા ગયો હતો અને એસીબીની ટીમે પૈસા લેતાની સાથે ડેપ્યુટી તહસીલદારે તેની ધરપકડ કરી હતી.

## મહીસાગર જીલ્લામાં ઘટતી જતી જમીન વચ્ચે કિચન ગાર્ડન દ્વારા ઘરઆંગણે પોષણયુક્ત શાકભાજી ઉગાડી શકાય છે

લુણાવાડા,
ભારત સરકાર દ્વારા સમગ્ર સપ્ટેમ્બર માસને પોષણ માસ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. ત્યારે તંદુરસ્ત અને સુખી જીવન માટેનો મુખ્ય આધાર સ્તંભ એટલે આપણો ખોરાક. રોજીંદા આહારમાં ફળ અને શાકભાજીની વિશેષ જરૂરિયાત રહે છે. આજકાલ વધતાં જતાં શહેરોમા ગીચ વસતીવાળા રહેઠાણો, રાસાયણિક દવાઓના વધુ પડતા છંટકાવથી ઉગેલી શાકભાજી તથા ઔદ્યોગિકરણ વધવાના કારણે પ્રદૂષણ સહિત અનેક ગંભીર પ્રશ્નો માનવજાત માટે તંદુરસ્તી જોખમાય એ રીતે ઉપસ્થિત થયા છે. આવા સંજોગોમાં શકય તેટલા વધુ વિસ્તારમાં શોભાના ફુલછોડ, શાકભાજી કે ફળ,ઝાડ અને જંગલીવૃક્ષો વાવવાથી ઉપરોક્ત પરિસ્થિતિમાંથી રાહત મેળવી શકાય છે.

કિચન ગાર્ડનનો વિચાર ૧૬ મી સદીમાં પ્રસ્તુત થયો હતો.તે વખતનાં વિચારક ચાર્લ્સ એસ્ટિને મૈસોન રુસ્ટિકમાં આ વિશે વિગતવાર લખ્યુ હતું કે આ એક એવો બગીચો છે જે રહેણાંક અને અન્ય બગીચાઓ કરતા ખુબ અલગ છે. જેને શાકભાજીનો બગીચો પણ કહી શકાય. દૈનિક જીવનમાં પરંપરાગત ખોરાકની ગુણવત્તા વધે એ હેતુથી હવે લોકો ઘરઆંગણે જ શાકભાજીની આ નવી ખેતીને અપનાવવા લાગ્યા છે. ઘરની આજુબાજુની ખુલ્લી, ફાજલ જમીન, અગાશી, છત કે બાલ્કનીમાં ફળ અને શાકભાજી પાકોનું વાવેતર કરવામાં આવે છે. તેને ઘર આંગણાની ખેતી (કિચન ગાર્ડનીંગ) કહેવાય છે. તેના થકી શુધ્ધ,તાજું અને મનપસંદ શાક મળી રહે છે.

આમ ઘરઆંગણે પણ ઘટતી જતી જમીન વચ્ચે કિચન ગાર્ડન દ્વારા પોષણયુક્ત શાકભાજી ઉગાડી શકાય છે.
કીચન ગાર્ડનીંગ અંગેની વધુ જાણકારી રાજ્યના દરેક જિલ્લાઓમાં નાયબ બાગાયત નિયામકની કચેરીઓ આવેલી છે તેનો સંપર્ક કરીને પણ મેળવી શકાય છે, આમ ઘરઆંગણેજ દવાઓના ઉપયોગ વિના મળતા શાકભાજી તંદુરસ્ત અને લાંબા આયુષ્ય માટે લાભકારી બની રહે છે તે પણ ન ભૂલવું જોઈએ.

## જયંતિ રવિની અધ્યક્ષતામાં કોવિડ હોસ્પિટલ મેનેજમેન્ટની વીડિયો કોન્ફરન્સ યોજાઈ



ગાંધીનગર,
આજે આરોગ્ય અગ્ર સચિવ ડૉ. જયંતિ રવિની અધ્યક્ષતામાં રાજયકક્ષાની કોવિડ હોસ્પિટલ મેનેજમેન્ટની વીડિયો કોન્ફરન્સ યોજાઈ હતી. આ કોન્ફરન્સમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. કોરોના ડેડિકેટેડ ૧૨૦૦ બેડ હોસ્પિટલ દ્વારા કરવામાં આવી રહેલી કામગીરી અને વ્યવસ્થાપનનો ચિતાર રજૂ કરવામાં આવ્યો હતો.

ઉક્ત વીડિયો કોન્ફરન્સમાં કોવિડ અને નોન કોવિડ આયસોલેશન વોર્ડ મેનેજમેન્ટ, ડોનિંગ અને ડોફિંગ મેનેજમેન્ટ, બાયોમેડિકલ વેસ્ટ, કંટ્રોલરૂમ, ઈન્ફેકશન કંટ્રોલ, લોન્ડ્રી મેનેજમેન્ટ,આઈ.ટી અને ડેટા મેનેજમેન્ટ, ડેથ બોડી ડિસ્પોઝલ મેનેજમેન્ટ, ઓક્સિજન તેમજ અન્ય ઉપલબ્ધ સુવિધાઓ જેવા વિવિધ મુદ્દાઓની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

આગામી સમયમાં કોરોનાના લાગતી કરવામાં આવનાર કામગીરી અને વ્યવસ્થાપનને લગતી વ્યૂહરચના ઘડવામાં આવી હતી. આજની કોન્ફરન્સમાં સિવિલ સુપ્રિન્ટેન્ડન્ટ ડૉ. જે. પી. મોદી સહિત હોસ્પિટલના દરેક વિભાગના વડા, નર્સિંગ, પેરામેડિકલ સ્ટાફ આ કોન્ફરન્સમાં જોડાયા હતા.

## લુણાવાડા અને દિવડાકોલોની ખાતે આત્મનિર્ભર પેકેજ અંતર્ગત મુખ્યમંત્રી સાત પગલા ખેડુત કલ્યાણ કાર્યક્રમ યોજાશે

લુણાવાડા,
રાજયના કૃષિ અને સહકાર વિભાગ દ્વારા આત્મનિર્ભર પેકેજ અંતર્ગત મુખ્યમંત્રી સાત પગલા ખેડુત કલ્યાણના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં લાભાર્થીઓને સ્માર્ટ હેન્ડ ટુલ કિટ્સ, કાંટાળી તારની વાડ યોજનાઓનો લોકાર્પણ અને ફળ–શાકભાજી પાકોના બગાડ અટકાવવા નાના વેચાણકારોને રાજય સરકાર દ્વારા વિનામૂલ્યે છત્રી આપવામાં આવશે.

તદ્અનુસાર આગામી તા.૨૬ મી ને શનિવારના રોજ સવારે ૯–૦૦ કલાકે લુણાવાડા ખાતે બાવન પાટીદાર સમાજ ઘર ખાતે અને એકલવ્ય મોડલ સ્કૂલ, દિવડા કોલોની, તા.કડાણા ખાતે મહીસગાર જિલ્લામાં જિલ્લા–તાલુકાના અધિકારી–પદાધિકારીઓની ઉપસ્થિતિમાં કાર્યક્રમો યોજાશે. આ કાર્યક્રમમાં જિલ્લાના સંબંધિત તાલુકાના લાભાર્થીઓને ઉકત બંને સ્થળોએ લાભાન્વિત કરવામાં આવશે. આમંત્રિતો તથા સંબંધિત તમામને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા, મહીસાગર–લુણાવાડાના નાયબ બાગાયત નિયામકએ એક યાદી દ્વારા જણાવ્યું છે.

## અમરેલીમાં વગર વરસાદે ગામમાં લોકોના ઘર, ફળિયામાં પાણી ઘૂસ્યા..!



અમરેલી,
વરસાદે આ વખતે ખેડૂતોની મુશ્કેલી વધારી દીધી છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છમાં પાકને જરૂરિયાત કરતા ખૂબ વધારે વરસાદ પડી ગયો છે. આ જ કારણે ખેડૂતોએ અનેક મુશ્કેલીનો સામનો કરવો પડી ગયો છે. અનેક ખેડૂતોનો પાક નિષ્ફળ ગયો છે. ભારે વરસાદને કારણે અમરેલીના વેણીવદર ગામ પાણીવદર ગામ બની ગયું છે. હાલ વરસાદને કારણે ગામના લોકો અનેક મુશ્કેલી વેઠી રહ્યા છે. વરસાદ ચાલ્યો ગયો છે પરંતુ પાણીના તળ એટલા ઊંચા આવી ગયા છે કે અહીં ગામના ઘરોમાંથી આપમેળે પાણી બહાર આવી રહ્યું છે. લોકોના ઘર, રસોડા, ફળિયા અને ગામના રસ્તાઓ સહિત અનેક જગ્યાએથી આપમેળે પાણી બહાર નીકળી રહ્યું છે. આ જ કારણે ગામના લોકો પરેશાન થઈ ગયા છે.

વાત એમ છે કે અમરેલીના માંગવાપાળ ગામ નજીક આવેલો વડી ડેમ ૧૦ વર્ષ બાદ ૧૦૦% ભરાયો છે. કોઈ પણ વિસ્તારમાં ડેમ ભરાતા પાણીના તળ ઊંચા આવે છે અને ખેડૂતોમાં અનેરી ખુશી જોવા મળતી હોય છે. પરંતુ વડી ડેમ ભરાયો હોવાથી વેણીવદર ગામના લોકો માટે નવી જ મુશ્કેલી ઊભી થઈ છે. આ ડેમને કારણે ડેમની બાજુમાં જ આવેલું આખે વેણીવદર ગામ મુશ્કેલીમાં મૂકાયું છે.

ડેમ છલોછલ ભરેલો હોવાના કારણે આ ગામના જમીની તળ એટલા ઊંચા આવી ગયા કે જમીનમાંથી સતત પાણી બહાર આવી રહ્યું છે. હાલત એવી છે કે આખું ગામ પાણીથી તરબોળ રહે છે. ગામની બજાર, લોકોના ઘરના ફળિયા, ઘર, રસોડામાંથી પાણી બહાર નીકળી રહ્યું છે.

## ઊંઝા APMC સેસ કૌભાંડનો આક્ષેપ કરનાર સૌમિલ પટેલની પોલીસે અટકાયત કરી

ઊંઝા,
ઊંઝા APMC સેસ કૌભાંડના મામલામાં આજે એક નવો ટ્વિસ્ટ સામે આવી રહ્યો છે. ઊંઝા APMC સેસ કૌભાંડમાં આક્ષેપ કરનારા સૌમિલ પટેલની હાલ પોલીસે અટકાયત કરી છે. જિલ્લા રજીસ્ટ્રાર સમક્ષ તપાસમાં હાજર થવા મુદ્દે એક કલાકની પુછપરછ બાદ પોલીસે સૌમિલ પટેલની અટકાયત કરી છે. તમને જણાવીએ કે સૌમિલ પટેલે ઊંઝા APMC સેસ કૌભાંડમાં સત્તાધીશો સામે અનેક મોટા આક્ષેપ કર્યા છે. આજે જ્યારે સૌમિલ પટેલ જિલ્લા રજિસ્ટ્રારને મળવા પહોંચ્યા હતા, ત્યારે તેમની પુછપરછ બાદ પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી છે. જિલ્લા રજિસ્ટ્રારે સૌમિલને પુરાવા સાથે હાજર રહેવા નોટિસ આપી હતી. પરંતુ તેઓ પુરાવા રજૂ કરી શક્યા નહોતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨, વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા. ૨૫-૯-૨૦૨૦, શુક્રવાર, અધિક આસો સુદ-૯
સૂર્યોદય-૬-૩૮, સૂર્યાસ્ત-૬-૩૯, જૈન નવકારશી-૭-૨૬,
આજની રાશિ : મકર (ખ.જ.), નક્ષત્ર: પૂર્વાષાઢા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૬-૩૮થી ચલ-લાભ-અમૃત-૧૧-૦૮ સુધી, ૧૨-૩૮થી શુભ-૧૪-૦૮ સુધી, ૧૭-૦૯ થી ચલ-૧૮-૩૯ સુધી, ૨૧-૩૯થી લાભ-૨૩-૦૯ સુધી

- શુભ હોરા-
૬-૩૮થી ૯-૩૮ સુધી, ૧૦-૩૮થી ૧૧-૩૮ સુધી, ૧૩-૩૮થી ૧૬-૩૯ સુધી, ૧૭-૩૯થી ૧૮-૩૯ સુધી

## દૈનિક રાશીફળ

તા.૨૫.૦૯.૨૦૨૦ શુક્રવાર

મેષ (અ.લ.ઈ.) :- મિત્રો સગા સ્નેહીજનો સાથે મિલન મુલાકાત થાય ઉત્સાહ વધવાનો. અચાનક લાભની આશા ફળવાની રોમાન્સમાં સફળતા.
વૃષભ (બ.વ.ઉ.) :- બીઝનેશના પ્રશ્નમાં દિવસ લાભદાયી નીવડે આર્થિક લાભ મલવાનો તબીયત બાત બેદરકારી ન રાખવી. મિલકતથી લાભ.
મિથુન (ક.છ.ઘ.) :- શુભેચ્છકોનો સહયોગ મલવાનો નવા આયોજન બાબત સફળતાવાળો દિવસ રહે. સ્નાયુને લાભ તકલીફોથી જાળવવું.
કર્ક (ડ.હ.) :- મનગમતી વ્યકિતની મુલાકાત થાય ઉત્સાહ વધવાનો ખાણી પીણીથી જળવવું કિંમતી ચીજ વસ્તુની ખરીદી થાય.
સિંહ (મ.ટ.) :- ખુશામત ખોરોથી જાળવજો. મિલ્કતના પ્રશ્નોથી લાભ વધુ પડતો કાર્યભાર ટાળજો વિદેશથી સારો લાભ મલવાનો.
કન્યા (પ.ઠ.ણ.) :- કારણ વગરના વિચારોથી દૂર રહેજો સ્વજનો સાથે વિચાર વિર્મશ કરો -નકારાત્મક વિચારો દૂર રહેજો. પ્રવાસથી લાભ.
તુલા (ર.ત.) :- મનની ઈચ્છાઓ ફળવાની છે નોકરીમાં કોઈ સારો લાભ રહે. પિતાશ્રી સાથે દલીલ લાભથી દૂર રહેવું.
વૃશ્ચિક (ન.ય.) :- ખર્ચ ઉપર લગાવ રાખવી જરૂરી રહે. નવી ઓળખાણથી લાભ, નોકરીમાં સ્થિરતા રાખવી જરૂરી રહે.
ધન (ભ.ધ.ફ.ઢ.) :- આર્થિક સાહસો માટે કોઈ ઉતાવળ ન કરવી મુલાકાત સફળ થાય. બીજા ઉપર વધુ વિશ્વાસ ન રાખવો.
મકર (ખ.જ.) :- અગત્યની કામગીરી આગળ વધવાની છે. વધુ પડતા અધીરા ન થતા વીજાતીય વ્યકિતથી લાભ રહેવાની.
કુંભ (ગ.શ.સ.) :- મિત્ર વર્તુળમાં વધારો થવાનો છે કુનેહ પૂર્વક નિર્ણયો લેજો સાંજ પછી કોઈ સારો લાભ રહે.
મીન (દ.ચ.ઝ.) :- મહત્વના કાર્યોમાં સફળતા રહે. આવક વૃધ્ધિ થાય પરિવારમાં ઉત્સાહ રહે. માંગલીક પ્રસંગો સફળ થાય.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

પંચમહાલ સમાચારમાં પ્રકાશીત થયેલ અહેવાલનો પડઘો

# પાનમ નદીમાંથી ગેરકાયદેસર રેતી લીઝોમાંથી રેતી વહન કરતી ટ્રકોના પૈડા થંભી ગયા?


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,

દે.બારીઆ પાનમ નદીમાંથી ગેરકાનુની લીઝ ધારકો મળતીયાઓનો સાથ લઈને તેમજ ગ્રામ પંચાયતના સરપંચ તથા તલાટીનો છૂપો આર્શીવાદથી ઉચવાણ, ભૂઆલ, જુના બારીઆ, કાલીયો ગોટા, કુવા, બચણા ટીકડીમાં ગેરકાનુની લીઝો ચાલે છે. ગત ગુરૂવારના પંચમહાલ દૈનિક સમાચારમાં ગેરકાનુની રેતી ખનન થઈ રહીનો તેવો અહેવાલ પ્રકાશીત થતા રેતી માફિયાઓમાં હડકંપ મચી જવા પામ્યો છે. જેથી રેતી ખનન હાલ પુરતું બંધ કરાયું છે.

પ્રાપ્ત માહિતી મજુબ ગેરકાનુની ખનન રેતી માફિયાઓ એહાલ પૂરતું સ્થગિત કરાયું છે. જેથી ટ્રકોના પૈડા થોભી ગયા છે. પરંતુ સરકારી તંત્ર ખાસ કરીને પોલીસ વિભાગ તરફથી લીલી ઝંડી મળતા ફરી ગેરકાનુની ખનન પૂરજોશમાં ચાલશે તેવું આમ જનતામાં ચર્ચાઈ છે. જેથી ખાણ ખનિજ વિભાગ તેમજ મહેસુલ વિભાગના પદના અધિકારીઓ પગલા ભરે કે ખાલી લીપા પોતી માટે એકલ દોકલ ટ્રકને પકડી પોતાની પીઠના થાબડે તો સારૂ પરંતુ મોટા માથાના રેતી માફિયાઓની મોટા ટ્રકો જે ૬૫ ટન સુધીની રેતી વહન કરે છે. તે વાહનો જપ્ત કરાય તે જરૂરી છે. તે ખાણ અને ખનિજ વિભાગની જવાબદારી છે. સાથે સાથે પોલીસ તંત્ર પણ આ ગેરકાનુની રેતી માફિયાઓને સાથ આપવાનું બંધ કરે અને ગુજરાત સરકારની રોયલ્ટી આવક સરકારી તિજોરીમાં થાય તે પ્રયત્નો કરવાના રહ્યા નહિ કે પોતાના ખિસ્સા ભરાય તે માટે ચોકડી ઉપર સવાર સાંજ પેટ્રોલીંગ કરીને હપ્તા ઉઘરાવાનું ચાલુ કરવું અને રોકડી કરી લેતા દેખવા મળે છે. જયારે અવરજવર કરતી જનતામાં ચર્ચાનો વિષય છે. જેથી જીલ્લાના બાહોશ અને ખંતિલા કલેકટર આ અંગે તાકીદે આદેશ જારી કરે તેમજ કિંમતી ખનિજની ચોરી કરતાં રેતી માફિયાઓમાં ડર પેદા થશે તેવા કડકમાં કડક નિર્ણયો લેવાના રહ્યા તેમજ વિજીલન્સ વિભાગ પણ આ કરોડોનો કાળો કારોબાર અટકાવવામાં એકશનમાં આવે તો ગુજરાતનું ઘન લુંટાતું બંધ થશે તેવી વાતમાં શંકા નથી.

# દાહોદમાં જીલ્લામાં આજરોજ ૧૨ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદમાં આજે વધુ ૧૨ કોરોના પોઝીટીવ દર્દીઓના સમાવેશ સાથે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૧૫૪૩ ને પાર પહોંચી ગયો છે. આજે વધુ ૧૮ કોરોના દર્દીઓ દર્દીઓએ કોરોના સામે જંગ જીતતા એક્ટીવ કેસ ૧૨૮ રહેવા પામ્યા છે.

આજે ૨૮૬ આરટીપીસીઆર ટેસ્ટ પૈકી ૯ અને રેપીટના ૩૪૧ પૈકી ૩ કોરોના પોઝીટીવ દર્દીઓના સમાવેશ સાથે આજે ૧૨ કોરોના પોઝીટીવ દર્દીઓ નોંધાવા પામ્યા છે જેમાં (૧) દિલીપભાઈ જેઠાનંદ રામવાણી (ઉ.૫૩ રહે. ગોદી રોડ દાહોદ), (૨) રાઠોડ તખતસીંહ રામસીંહ (ઉ.૬૪ સિમામોઈ ટેકરી ફળીયા ધાનપુર), (૩) ગોહીલ સોનમબેન મહેશ (ઉ.૨૯ રહે. ગામતળ ફળીયુ ગાંગરડી), (૪) ગોહીલ પંથકુમાર (ઉ.૫ રહે. ગામતળ ફળીયુ ગાંગરડી), (૫) બામણીયા વિજય સેના (ઉ.૩૦ રહે. ભરસડા પટેલ ફળીયા ગરબાડા), (૬) ધારવા જેતની એમ (ઉ.૫૨ રહે. સારસીયા ફળીયુ સીંગેડી દે.બારીયા), (૭) વસૈયા વિપુલ મગન (ઉ.૩૦ રહે. કાળાજીની સરસાવણી નિસરતા ફળીયુ ઝાલોદ), (૮) વસૈયા હંસાબેન સંજયભાઈ (ઉ.૩૫ રહે. ઝાલોદ ખાટવાડા), (૯) ભોઈ જગન્નાથ કિશનલાલ (ઉ.૫૫ રહે. ઝાલોદ સાઈધામ સોસાયટી), (૧૦) પ્રજાપતિ અરવીંદ રમણભાઈ (ઉ.૪૫ રહે. કુંભારવાડ લીમખેડા), (૧૧) પ્રજાપતિ ગુંજન અરવીંદભાઈ (ઉ.૧૭ રહે. કુંભારવાડ લીમખેડા), (૧૨) ચિંથ્યા જે સીંગ (ઉ.૫૨ રહે. મેડીકલ કોલોની દાહોદ).

**જીલ્લાનો અત્યાર સુધીનો કુલ આંક ૧૫૪૩ થયો**

આ ૧૨ પૈકી દાહોદના ૬, દેવગઢ બારીઆમાં ૩, અભલોડમાંથી ૧ અને ગરબાડામાંથી બે કેસોનો સમાવેશ થાય છે. દાહોદ જિલ્લામાં અત્યાર સુધી કોરોનાથી ૬૯લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

# ૨૫ સપ્ટેમ્બર ખેડુત વિરોધી કૃષિ બિલના વિરોધમાં ભારત બંધના આહવાનો ગુજરાત આમ આદમી પાર્ટી એ સમર્થન કર્યું

દેશમાં ખેડૂતોનો અવાજ, વિપક્ષનો અવાજ ને સાંભળ્યા, સમજયા વગર પૈસાદારોના દબાવમાં કેન્દ્ર સરકારે લોકસભા અને રાજ્યસભામાં ત્રણ ખેડૂત વિરોધી બિલ પાસ કર્યા છે. ખાસ કરીને રાજ્યસભામાં ભાજપ પાસે બહુમત ન હોવા છતાં ગેરબંધારણીય રીતે કિસાન વિરોધી બિલ પસાર કરવામાં આવ્યું, જેને લઈને આખા દેશના ખેડુતોમાં આક્રોશ છે. આમ આદમી પાર્ટી ખેડૂતો સાથે છે, તેમના માટે અમે આજે આખા દેશમાં વિરોધ દિવસ મનાવી રહ્યા છીએ. ખેડૂતો દ્વારા આવતી કાલે ૨૫ સપ્ટેમ્બર ના ભારત બંધન આહવાન ને આમ આદમી પાર્ટી પૂરું સમર્થન આપે છે. મોદી સરકારે ત્રણ ખેડૂત વિરોધી બિલ પસાર કર્યા છે તે આ મુજબ છે :–

૧. કૃષિ ઉપજ, વેપાર અને વાણિજ્ય (સંવર્ધન અને સુવિધા) બિલ

૨. આવશ્યક વસ્તુ (સંશોધન) બિલ

૩. મૂલ્ય આશ્વાસન તથા કૃષિ સેવાઓ પરના ખેડૂત (સશક્તિકરણ અને સંરક્ષણ) સમજોતા બિલ

કેન્દ્ર સરકાર દ્વારા આ ખેડૂત વિરોધી બિલના સંબંધિત જે વાતો કહેવામાં આવી રહી છે તે ખેડૂતો ને ગુમરાહ કારક છે. આનાથી ખેડૂતોને ફક્ત નુકશાન થશે અને તેમની ઉપજ ઉપર મોટી કંપનીઓનો કબજો થઈ જશે. ખેડૂતો તેમના જ ખેતરમાં મજૂર ની જેમ બની રહી જશે. સરકારની ખેડૂતોને મોટી કંપનીઓના ગુલામ બનાવવાની મંશા હોય તેવું પ્રતીત થાય છે.

સ્થાનીય નેતાએ જણાવ્યું કે ત્રણેય વિધેયક અને તેમની અસરો નીચે મુજબ થનાર હશે.

૧. કૃષિ ઉપજ, વેપાર અને વાણિજ્ય (સંવર્ધન અને સુવિધા) બિલના મુજબ ખેડૂતો તેમની ઉપજ દેશના કોઈ પણ ખૂણા માં વેચી શકશે, પરંતુ આજ ભારતની અંદર ૮૬% ખેડૂતો એક જિલ્લા થી બીજા જિલ્લા માં પોતાની ઉપજ વેચી નથી શકતા તો આવી ઉમ્મીદ આશા કેવી રીતે કરે. એક રાજ્યનો ખેડૂત બીજા રાજ્યમાં પોતાની ફસલ વેચી શકશે, પહેલા પણ ખેડૂતોને મંડી ની બહાર પોતાની ઉપજ વેચવામાં કદી પણ મનાઈ રહી નથી. કેન્દ્ર સરકારના બિલ મુજબ – મંડીની અંદર ખેડૂતોની ઉપજની ખરીદ–વેચાણ ઉપર વેપારીઓને લઘુત્તમ સમારતગણ મૂલ્યની સાથે મંડી ટેક્સ દેવો પડશે, બહાર પાકની ખરીદ–વેચાણ પર વેપારીઓને કોઈ ટેક્સ નહીં આપવો પડે, મંડીની અંદર સરકારને આપવામાં આવનાર ટેક્સના કારણે વેપારી મંડીમાં આવવાનું બંધ કરી દેશે જેના લીધે ધીરે ધીરે મંડી બંધ થઈ જશે અને તેમના સ્થાન ઉપર કંપનીની મંડીઓ આવી જશે. જ્યાં ખેડૂતો એ પોતાના ઉત્પાદન ને જેવા તેવા ભાવ ઉપર વેચવા પડશે. સરકાર ને ખેડૂતોના હિતમાં જો ફેંસલો લેવો જ હતો તો એમ.એસ.પી. નો કાનૂની અધિકાર આપવો જોઈતો હતો, પરંતુ એવું કરવામાં ન આવ્યું જે કારણે આ વિધેયક ને ખેડૂતો પોતાને કંપનીઓના ગુલામ બનવાનો વિધેયક કહી રહ્યા છે. બીજું કેન્દ્ર સરકારે મંડી બહાર પણ પેદાશોની ખરીદ વેચાણ પર સમાન ટેક્સની પ્રક્રિયા અપનાવવી જોઈએ.

- ખેડૂત વિરોસી કૃષિ બિલ કેન્દ્ર સરકાર પાછું લે.
- કેન્દ્ર સરકારે અસંવૈધાનીક રીતે રાજ્ય સભામાં ખેડૂત વિરોધી બિલ પસાર કરાવ્યું.
- કેન્દ્ર સરકારના ખેડૂત વિરોધી બિલ માં ખેડૂતોના લઘુત્તમ ટેકાના ભાવની કોઈ ગેરેન્ટી નથી.
- કેન્દ્ર સરકારના ખેડૂત વિરોધી બિલ થી ફાયદો ઉદ્યોગપતિઓ નો થશે, ખેડૂતો નો નહીં.

૨. આવશ્યક વસ્તુ (સંશોધન) બિલ – આ વિધેયક દ્વારા પૈસાપતિઓ ને કૃષિ ઉત્પાદકોને સ્ટોરેજ કરવાનો કાનૂની અધિકાર મળી જશે જેનાથી જમાખોરી અને કાળાબજાર વધશે. વસ્તુઓની કિંમત ઉપર સરકારનો કંટ્રોલ નહીં રહે. દેશમાં લગભગ ૮૦ થી ૮૫% નાના મોટા ખેડૂતો છે જેમની પાસે ૨ હેકટરથી પણ ઓછી ખેતીની જમીન છે જેમની પાસે તેમની ઉપજને સ્ટોરેજ કરવાની કોઈ વ્યવસ્થા નથી. આટલી ખેતીની જમીનનું ઉત્પાદન લઈ ને કોઈ ખેડૂત બીજા રાજ્યોમાં ઉપજ વેચવામાં પણ સક્ષમ નથી. કુલ મળીને પોતાની ઉપજને જેવા તેવા ભાવમાં કંપનીઓને વેચવા મજબૂર થઈ જશે જેને આ કંપનીઓ દ્વારા જમાખોરી કરીને અત્યંત ઊંચા ભાવે બજારમાં લાવવામાં આવશે જેનાથી કંપની રાજ સ્થાપિત થવાની આશંકા વધી ગઈ છે.

૩ મૂલ્ય આશ્વાસન તથા કૃષિ સેવાઓ ઉપર ખેડૂત (સશક્તિકરણ અને સંરક્ષણ) સમજોતા – આ વિધેયક દ્વારા ખેડૂતો સાથે કોન્ટ્રાકટ કરી કંપનીઓ જમીનદારની જેમ ઉપજોનું ઉત્પાદન કરાવશે અને નફો કમાશે. મોટા ભાગના ખેડૂતો ભણેલા ગણેલા નથી, તેમને આ કંપનીઓ કોન્ટ્રાકટના જાળમાં ફસાવી લગાતાર શોષણ કરશે. બિહારમાં ૨૦૦૬માં મંડી સિસ્ટમ ખતમ થઈ ગયું છે પરંતુ ત્યાં ખેડૂતોની હાલત નથી સુધરી. વિદેશોમાં આ તથાકથિત રીફોર્મ ૧૯૬૦ના દશકમાં આવ્યું પરંતુ અમેરિકા, ફ્રાન્સ અને યુરોપના દેશોમાં સરકારોને મોટા પાયા પર સબસીડી આપીને ખેતી કાર્ય કરાવવું પડે છે.

આ પ્રકારે વર્તમાન ત્રણેય કૃષિ વિધેયક ખેડૂતોના હિતમાં નથી. આ ખેડૂતોને ફરીથી કંપનીઓના ગુલામ બનાવવા જેવા છે જેમાં ખેડૂતો તેમના જ ખેતરમાં મજૂર બની જશે. બજાર ઉપર સરકારનો નિયંત્રણ ખતમ થઈ જશે અને કંપની રાજની સ્થાપના થઇ જશે. આ જ કારણે દેશ ભરના ખેડૂતો તથા સંગઠનો આ ખેડૂત વિરોધી બીલનો વિરોધ કરી રહ્યા છે. આમ આદમી પાર્ટી ખેડૂતોના હિતમાં આ ખેડૂત વિરોધી બિલને પાછું લેવા માટે કેન્દ્ર સરકારને અપીલ કરે છે અને ખેડૂતોના હિત માટે આમ આદમી પાર્ટી હંમેશા લડત આપશે.

# ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડના ચેરમેનની અધ્યક્ષતામાં દાહોદ ખાતે ૨૪ મધ્ય ગુજરાતની ૨૪ નગરપાલિકાની સમીક્ષા બેઠક યોજાઇ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

વડોદરા પ્રાદેશિક નગરપાલિકા નિયામકની કચેરી હેઠળ આવતા મધ્ય ગુજરાતની ૨૪ જેટલી નગરપાલિકામાં ચાલતા વિકાસ કામોની સમીક્ષા બેઠક અહીં પંડિત દીનદયાળ ઓડિટોરિયમ ખાતે યોજવામાં આવી હતી. તેમાં ઉપસ્થિત ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડના ચેરમેન ધનસુખભાઇ ભંડેરીએ આયોજન કરો, ત્વરિત કામ કરોના સૂત્રથી જનસુખાકારીના કામો કરવા આહ્વાન કર્યું હતું. આજે મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડનો ૪૧મો સ્થાપના દિન પણ હતો.

ભંડેરીએ જણાવ્યું કે, મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ નગરોનો વિકાસ થાય એ માટે જરૂરિયાત મુજબની સંપૂર્ણ ગ્રાંટ આપવામાં આવી છે. આ વર્ષે કોરોના મહામારીનું વર્ષ છે અને એમાં રાજ્ય સરકાર દ્વારા કરકસરના પગલાં લેવાઇ રહ્યા છે. આમ છતાં, ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ દ્વારા ફાળવવામાં આવતા નાણાંમાં કોઇ કાપ મુખ્યમંત્રીએ મૂક્યો નથી.

ગુજરાતની કૂલ વસ્તીનો મોટો હિસ્સો નગરો અને શહેરોમાં વસવાટ કરી રહ્યો છે. રાજ્ય સરકારનો વિકાસમંત્ર રહ્યો છે કે, જ્યાં માનવી ત્યાં સુવિધા, તેની આંતરમાળખાકીય વિકાસના કામો કરવામાં નગરપાલિકાની મહત્વની ભૂમિકા રહેલી છે. નગરપાલિકાના અધિકારીઓ અને પદાધિકારીઓ એક ટીમ બની કામ કરે અને લોકોને ભૌતિક સુવિધા આપવાની અપેક્ષા પૂર્ણ કરે, એવું ભંડેરીએ આહ્વાન કર્યું હતું.

નગરપાલિકાઓની નિયમોનુસારની સામાન્ય સભાઓ સમયસર અને નિયમીત મળે એ જરૂરી છે. નગરપાલિકાના અધિકારીઓ લોકોની જરૂરિયાત મુજબના કામોનું આયોજન સમયસર કરે, તેની મંજૂરી મળ્યા બાદ કામો નિયત મર્યાદામાં પૂર્ણ થાય એવા ખંતથી કામ કરવા તેમણે શીખ આપી હતી.

પ્રાદેશિક નગરપાલિકા નિયામક હર્ષિત ગોસાવીએ કાર્યક્રમની રૂપરેખા આપ્યા બાદ કહ્યું કે, કોરોનાના કપરાકાળમાં નગરપાલિકાઓ દ્વારા ઉત્કૃષ્ઠ કામગીરી કરવામાં આવી છે. નગરપાલિકાએ કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે દિવસ કે રાત જોયા વીના યુદ્ધના ધોરણે કામગીરી કરી છે, તે બિરદાવા લાયક છે.

મધ્ય ગુજરાતની ૨૪ નગરપાલિકાઓને આંતર માળખાકીય સુવિધા, આગવી ઓળખના કામો, નાણાપંચ અંતર્ગત આપવામાં આવેલી ગ્રાંટની ઘનિષ્ઠ સમીક્ષા કરવામાં આવી હતી. ભંડેરીએ મહત્વપૂર્ણ સુઝાવ પણ આપ્યા હતા. દાહોદ નગરપાલિકાની કારોબારી સમિતિના ચેરમેન વિનોદભાઈ રાજગોર દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. આ વેળાએ અધિકારીઓ સર્વ બી. સી. પટણી, વી. એન. શાહ, એન. એચ. દરજી, કે. એચ. કાનાણી, લખનભાઈ રાજગોર સહિત વિવિધ નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સંજેલીના ઢેડીયા ગામે મનરેગામા ભ્રષ્ટાચારને લઈ ગાંધી ચિંધ્યા માર્ગે ઘેરાવાની ચીમકી ઉચ્ચારી

દાહોદ,

ઢેડીયા ગ્રામ પંચાયતમા મનરેગા યોજના હેઠળ લોકડાઉન દરમ્યાન તળાવ ચેકડેમો ઉંડા કરવાનુ કામ કેટલશેડ આવાસ યોજનામાં મનરેગા યોજના હેઠળ થયેલા કામોમાં મોટાપાયે ભ્રષ્ટાચારની રજુઆત કરવા છતા પણ યોગ્ય કાર્યવાહી ન થતા ૨૫મીને શુક્રવારના રોજ તાલુકા પંચાયતનો ઘેરાવો કરી શ્રમિકો દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગેની ચીમકી ઉચ્ચારતુ આવેદનપત્ર આપવામાં આવ્યુ છે.

સંજેલી તાલુકાના ઢેડીયા ગ્રામ પંચાયતમાં મનરેગા હેઠળ લોકડાઉન દરમ્યાન તળાવો ચેકડેમો ઉંડા કરવાનુ તેમજ કેટલશેડ અને આવાસ યોજનામાં મનરેગા યોજના હેઠળ મળતા કામોના પગારમાં મોટાપાયે ભ્રષ્ટાચાર થયો હોવાને લઈ ૫૦૦થી ૭૦૦ જેટલા વ્યક્તિઓના યોજનામાં કામ કરેલ હોવા છતા પણ શ્રમિકોને અંધારામાં રાખીને પંચાયત તેમજ તાલુકા પંચાયત તંત્રની મિલીભગતથી બોગસ ખાતામાં પૈસા નાખી મોટા પાયે ભ્રષ્ટાચાર થયો હોવા મામલે ગ્રામજનો દ્વારા ૨૭ જુલાઈના રોજ જિલ્લા વિકાસ અધિકારી તેમજ તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપી ન્યાયની માંગણી કરી હતી.

સરકાર દ્વારા શ્રમિકોને કોઈ છેતરપિંડી ના કરે તેને ધ્યાને લઈ ઓનલાઈન ખાતા ખોલાવી પેમેન્ટ નાખવાની યોજના કરી છે. ત્યારે તંત્રની મિલીભગતથી શ્રમિકોને છેતરી મનરેગા યોજનામાં મોટા પાયે કૌભાંડ આચરવામાં આવતા શ્રમિકો તેમજ તાલુકાના આગેવાનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વારંવાર રજુઆત કરવા છતા પણ નક્કર પગલા લેવાતા નથી. તપાસ અધિકારી દ્વારા પણ ખોટા ખાતામાં નાણા જમા થયા હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. શ્રમિકોને ન્યાય મેળવવા ધરમધક્કા ખાવા પડતા હોવાથી લાચાર શ્રમિકોએ તારીખ ૨૫મીને શુક્રવારના રોજ સંજેલી તાલુકા પંચાયત કચેરીના પટાંગણમાં ઘેરાવ કરી ૫૦૦થી ૭૦૦ માણસોએ ગાંધી ચિંધ્યા માર્ગ અપનાવવા તાલુકાનો ઘેરાવો કરવાની માંગ સાથે સંજેલી મામલતદારને આવેદનપત્ર આપી માંગ કરવામાં આવી છે.

# ડૉક્ટરોએ ૧૪ વર્ષીય કિશોરીના પેટમાંથી ૨૦ કિલોની ગાંઠ બહાર કાઢી



દાહોદ,

દાહોદ અર્બન હેલ્થ સેન્ટરમાં ચોંકાવનારી ઘટના સામે આવી છે. મધ્યપ્રદેશની ઝાબુઆ જિલ્લાના નાઢ ગામની ૧૪ વર્ષીય કિશોરીને છેલ્લા એરક વર્ષથી પેટમાં ગાંઠને કારણે દુખાવો થતો હતો. જેથી પરિવારે મધ્યપ્રદેશ અને દાહોદ જિલ્લાનાં અનેક નિષ્ણાતોને પણ બતાવ્યું હતું. પરંતુ કોઈ પરિણામ મળતું ન હતું. અંતે પરિવારે દાહોદ અર્બન હૉસ્પિટલમાં નિદાન કરાવતા અહીં ડૉક્ટરોની ટીમે ૨૦.૩૮ કિ.ગ્રાની ગાંઠ કિશોરીનાં પેટમાંથી કાઢી હતી.

રંજીલાબેન નાજુભાઈ મછાર છેલ્લા એક વર્ષથી પેટમાં વધતી જતી ગાંઠથી પીડાતી હતી. દાહોદના અર્બન હોસ્પીટલમાં મધ્ય પ્રદેશની સગીરાના પેટમાં ૨૦.૩૮ કિલોની ગાંઠ કાઢીને તબીબોએ તેને નવજીવન બક્ષ્યુ છે. મધ્યપ્રદેશ તથા દાહોદના અલગ અલગ નિષ્ણાતોને બતાવતાં પણ કિશોરીની તકલીફનું કોઈ નિવારણ આવી શક્યું ન હતું. અંતે દાહોદ અર્બન હોસ્પિટલ ખાતે ડો. વિશાલ પરમારને બતાવતા નિદાન બાદ પરિવારને રાહત થઈ હતી. આ કિશોરી આમ તો માંડ ૨૫ કિલોની જ હતી. પરંતુ તેના પેટમાં ગાંઢની સાથે તેનું વજન ૪૬ કિલો જેવુ થઈ ગયું હતું.

# કોરોનાની સારવાર લઈ રહેલા શહેરની બહારના ૪ માંથી ૧ દર્દી રાજસ્થાનથી

અમદાવાદ,

શહેરના ડોકટર્સ માત્ર અમદાવાદના હોય તેવા જ કોરોના દર્દીઓની સારવાર નથી કરી રહ્યા. રાજ્ય અને દેશના જુદા જુદા ભાગોમાંથી ૪૪૩ કોરોના દર્દીઓની શહેરની કોવિડ હોસ્પિટલોમાં પ્રાઈવેટ કવોટામાં સારવાર કરવામાં આવી રહી છે. રાજ્ય બહારના દર ચાર દર્દીઓમાંથી એક દર્દી રાજસ્થાનનો છે.

છસ્ઝના અધિકારી મુજબ, અમદાવાદ શહેર બહારના ૪૪૩ દર્દીઓની શહેરમાં સારવાર ચાલી રહી છે. તેમાંથી ૧૪૫ દર્દીઓ દેશના અન્ય રાજ્યોમાંથી છે. તેમાં રાજસ્થાનના ૧૨૧ દર્દીઓ, મધ્ય પ્રદેશના ૧૧ , મહારાષ્ટ્રના ૬, પંજાબના ૩, હરિયાણાના બે અને ઓડિશા તથા તમિલનાડુના એક-એક દર્દીઓ છે. અધિકારીએ જણાવ્યું કે, ૨૯૮ દર્દીઓ રાજ્યના જુદા જુદા શહેરોમાંથી છે. તેમાં રાજકોટના ૩૩, ગાંધીનગર શહેરના ૩૨, સાબરકાંઠાના ૨૮, સુરેન્દ્રનગરના ૨૬ અને મહેસાણાના ૨૪ દર્દીઓ છે.

અધિકારી વધુમાં જણાવે છે, આ ૪૪૩ દર્દીઓઓને કોવિડ હોસ્પિટલમાં ૫૦ ટકા પ્રાઈવેટ કવોટામાં સારવાર અપાઈ રહી છે. અધિકારીએ જણાવ્યું કે, છઝ્રજી અને અમદાવાદમાં કોવિડ કન્ટ્રોલનો ચાર્જ સંભાળી રહેલા રાજીવ કુમાર ગુપ્તાના આવ્યા બાદ AMCએ PPP મોડલ એડોપ્ટ કર્યું હતું જેની પ્રશંસા ગુજરાત હાઈકોર્ટ, સુપ્રીમ કોર્ટ અને નીતિ આયોગે પણ કરી હતી.

અધિકારીએ કહ્યું, ઓગસ્ટમાં AMCએ અન્ય રાજ્ય તથા જિલ્લાના દર્દીઓને શહેરમાં એડમિટ થઈને સારવાર લેવાની મંજૂરી આપી હતી. ૩૫૦ એવા દર્દીઓ હતા જેમાંથી ૯૫ ટકા શહેરના અન્ય જિલ્લાઓમાંથી હતા. આ દર્દીઓમાં મોટાભાગના સુરત, કચ્છ, ભાવનગર અને અમરેલી જિલ્લાના હતા. સપ્ટેમ્બરમાં સ્થિતિ એવી બની કે ત્રીજા ભાગના દર્દીઓ રાજ્ય બહારના થયા તેમાં પંજાબ અને ઓડિશા જેવા રાજ્યો પણ સામેલ છે.

# વેલસ્પન કોર્પોરેટર કંપની કચ્છમાં નવો સ્ટીલ પ્લાન્ટ સ્થાપશે

ગાંધીનગર,

અગ્રણી કોર્પોરેટ સમૂહ વેલસ્પન ગ્રૂપે કચ્છમાં નવા મૂડીરોકાણ સાથે નવો સ્ટીલ પ્લાન્ટ સ્થાપવાની યોજના બનાવી છે અને તેની માટે ગુજરાત સાથે એમઓયુ કરવામાં આવ્યા છે. કચ્છમાં રૂ.૧૨૫૦ કરોડના ખર્ચે નિર્માણ થનારા સ્ટીલ પ્લાન્ટ અને આર્યન પાઈપ પ્રોજેક્ટ્સ માટે આજે વેલસ્પન ગ્રૂપે ગુજરાત સરકાર ખાતે ગાંધીનગર એમઓયુ કર્યા હતા. મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધિક મુખ્યસચિવ અને ઉદ્યોગના અધિક મુખ્ય સચિવ એમ.કે.દાસ તેમજ વેલસ્પન ગ્રૂપના મેનેજિંગ ડિરેક્ટર વિપુલ માથૂરે આ MOU પર હસ્તાક્ષર કર્યા હતા. વેલસ્પન ગ્રૂપના ચેરમેન પણ આ MOU વેળાએ હાજર હતા. વેલસ્પન ગ્રૂપના આ પ્રોજેકટમાં કચ્છ વિસ્તારના અંદાજે ૨૦૦૦ જેટલા યુવાઓને રોજગારી મળતી થશે. તાજેતરમાં રાજ્ય સરકારે જાહેર કરેલી નવી ઈન્ડસ્ટ્રીયલ પોલિસી અન્વયે રાજ્યના અંતરિયાળ વિસ્તારોમાં ઈન્ડ્સ્ટ્રીયલ કલસ્ટર ડેવલપમેન્ટ અન્વયે આ પ્રોજેક્ટ વેલસ્પન ગ્રૂપ દ્વારા શરૂ કરીને આત્મનિર્ભર ભારતની નેમ પાર પાડશે. અત્રે એ નિર્દેશ કરવી જરૂરી છે કે વેલસ્પન ગ્રૂપ કચ્છમાં ભૂકંપ પછીના પૂર્નનિર્માણ અન્વયે પોતાના વિવિધ પ્રોજેક્ટ કાર્યરત કરીને સ્થાનિક યુવાઓને વ્યાપક રોજગાર અવસરો આપેલા છે.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 30

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## કાલોલ ડેરોલ સ્ટેશન ગ્રામ પંચાયતમાં લોકડાઉનમાં રોજગારી પુરી પાડતી

# મનરેગા યોજનામાં ખોટા નામો દાખલ કરી જોબકાર્ડ યાદીમાંથી નામો કમી કરતા કૌભાંડનો પર્દાફાશ

ગોધરા, સરકારની મહત્વકાંક્ષી ઘર આંગણે રોજગારી પુરી પાડતી મનરેગા યોજના અંતર્ગત કાલોલ તાલુકા ડેરોલ સ્ટેશન ગ્રામ પંચાયત દ્વારા મળતીયા લાભાર્થીઓનો બોગસ જોબકાર્ડ બનાવવામાં આવ્યા હતા અને આવા બોગસ જોબકાર્ડ ધારકોને મનરેગા યોજના અંતર્ગતના કામોમાં મંજુરી આપવામાં આવી હોવાનું દર્શાવવામાં આવી છે. કૌભાંડ આચરવામાં આવ્યું છે. તેવો અહેવાલ પંચમહાલ સમાચાર દૈનિકમાં પ્રસિદ્ધ કરવામાં અવ્યો હતો. બોગસ જોબકાર્ડ દ્વારા મનરેગાના કામોમાં કૌભાંડ આચરવાના અહેવાલનો પડઘો જોવા મળ્યો છે. તાલુકા મનરેગા વિભાગ દ્વારા બોગસ જોબકાર્ડ કૌભાંડને દબાવી દેવાના આશય સાથે ડેરોલ સ્ટેશન ગ્રામ પંચાયતની જોબકાર્ડ યાદીમાં ચેડા કરવામાં આવ્યા હોવાનું ફલિત થઈ રહ્યું છે. જોબકાર્ડ ધારકોના સીરીયલ નંબર મુજબ ૬૩ થી ૭૧ સુધીના જોબકાર્ડ ધારકોના નામ યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા છે. તે મનરેગાના કામોમાં કૌભાંડ આચરવામાં આવ્યાના અહેવાલને સમર્થન આપે છે. ત્યારે ડેરોલ સ્ટેશન ગ્રામ પંચાયતના મનરેગાના કામોની વહીવટી તંત્ર દ્વારા તપાસ થાય તે જરૂરી છે.

કાલોલ તાલુકાના ડેરોલ સ્ટેશન ગ્રામ પંચાયતમાં સરકારની ઘરે બેઠા રોજગારી પુરી પાડવાની મનરેગા યોજના અંતર્ગતના કામો કરવામાં આવ્યા હતા. મનરેગા યોજનામાં જોબકાર્ડ ધરાવતા શ્રમિકોને રોજગારી પુરી પાડવાની મહત્વાકાંક્ષી યોજનામાં પણ ગ્રામ પંચાયતના સત્તાધિશો એ સાચા જરૂરીયાતમંદ શ્રમિકોના હકક ઉપર તરાપ મારી હોય તેમ લાગી રહ્યું છે. પંચાયત દ્વારા પોતાના સગાસંબંધી અને મળતીયાઓના નામે જોબકાર્ડ બનાવી જરૂરીયાતમંદ જોબકાર્ડ ધારક શ્રમિકોની યાદીમાં નામો ગોઠવી દેવાનું સુનિયોજીત કાવતરું કરવામાં આવ્યું હોય તેમજ જણાઈ રહ્યું છે. ડેરોલ સ્ટેશન ગ્રામ પંચાયત દ્વારા મનરેગા યોજનાના કામોમાં પોતાના મળતીયાઓની જોબકાર્ડમાંહાજરી દર્શાવવામાં આવી છે અને મનરેગા યોજના અંતર્ગત રોજગારી પુરી પાડવામાં આવી હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. પંચાયત દ્વારા બોગસ જોબકાર્ડ બનાવીને જોબકાર્ડ ધારકોને રોજગારી પુરી પાડવામાં આવી. જોબકાર્ડમાં હાજરી પુરવામાં આવી છે. તેમાં અનેક જોબકાર્ડ ધારકોના નામો સાધન સંપન્ન હોય તેવા લોકોને મનરેગા યોજનાના લાભાર્થી શ્રમિકો બતાવીને જોબકાર્ડમાં હાજરી ભરવામાં આવી છે. તેવા અહેવાલ પંચમહાલ સમાચાર દૈનિકમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. મનરેગા યોજનામાં બોગસ જોબકાર્ડ બનાવવામાં આવ્યા છે. અહેવાલની અસર તાલુકા મનરેગા વિભાગ અને ગ્રામ પંચાયતમાં જોવા મળી હતી. તાલુકા મનરેગા અને ગ્રામ પંચાયત દ્વારા ડેરોલ સ્ટેશન ગ્રામ પંચાયતના જોબકાર્ડ ધારકોની યાદીમાં સુધારો કરવામાં આવ્યો છે. જોબકાર્ડ ધારકોની યાદીમાં દર્શાવેલ જોબકાર્ડ ધારકો નામો તાલુકા મનરેગા વિભાગ દ્વારા કોમ્પ્યુટર યાદી ડેરોલ ગ્રામ પંચાયત સરપંચ ભરતભાઈ બારોટના પરિવારના સભ્યોના તેમજ મળતીયાના નામો હતા. તેવા જોબકાર્ડ ધારકોના સીરીયલ નંબર મુજબના જોબકાર્ડવાળી યાદી માંથી કેન્સલ કરવામાં આવ્યા છે. તે જોબકાર્ડ સીરીયલ નંબર જીજે. ૧૪. ૦૦૨૦૧૫૦૦૧ / ૮૩૫૯૯૦૬૪ થી ૦૭૨ વચ્ચેના જોબકાર્ડ ધારકોના નામો કોમ્પ્યુટરમાંથી રદ કરીને મનરેગાના કામો આચરવામાં આવેલ કૌભાંડને છુપાવી દેવાની કોશિષ કરાઈ છે. કાલોલ તાલુકાના ડેરોલ સ્ટેશન અને ડેરોલ ગામ પંચાયતના સાચા શ્રમિકોના હકક મારવાના કિસ્સાની વહીવટી તંત્ર તપાસ કરે તે જરૂરી છે.

### મનરેગા યોજનામાં બોગસ જોબકાર્ડ બનાવી સરકારની તિજોરીને લૂંટી ?

કાલોલ તાલુકાના ડેરોલ સ્ટેશન ગ્રામ પંચાયતમાં બોગસ જોબકાર્ડ બનાવવામાં આવ્યાનો અહેવાલ અખબારમાં પ્રસિદ્ધ થયો હતો. મનરેગા યોજનાના જોબકાર્ડ ધારક શ્રમિકોની યાદીમાં સાધન સંપન્ન હોય તેવા લોકોને જોબકાર્ડ ઈશ્યુ કરવામાં આવ્યા હતા અને મનરેગા યોજનાના શ્રમિક તરીકે જોબકાર્ડમાં હાજરી પુરી રોજગારી આપી હોવાનું દર્શાવવામાં આવ્યું છે. બોગસ જોબકાર્ડ ધારકો નામો સામે આવે તો બદનામી થાય અને આચરવામાં આવેલ કૌભાંડનો પર્દાફાશ થાય તેવા ડર સાથે તાલુકા પંચાયત મનરેગા શાખા દ્વારા ઓનલાઈન જોબકાર્ડ ધારકોની યાદીમાંથી પંચાયતના સરપંચના પરિવાર તેમજ તેમના મળતીયા બોગસ જોબકાર્ડ ધારકોના નામો યાદીમાંથી રદ કરવામાં આવ્યા છે. તે મનરેગા જોબકાર્ડ ધારકોની સીરીયલ નંબર જોબકાર્ડ યાદીથી ફલિત થઈ રહ્યું છે.

### પંચમહાલ સમાચાર ઈમ્પેક્ટ

### લોકડાઉનમાં ગરીબ વર્ગની રોજગારી છીનવી લેતાં અધિકારી અને પદાધિકારીઓ

વિશ્વમાં કોરોનાની મહામારી ચાલી રહી હતી. ત્યારે ભારત સરકારની બધી યોજના અને સરકારી ઓફિસો, કંપનીઓ, કારખાના બંધ રહ્યા હતા. મનરેગા યોજના જે ગરીબ વર્ગના લોકોને રોજગારી પુરી પાડતી હતી. તે ચાલુ કરવામાં આવી અને મનરેગા યોજનાના કામો ચાલુ કરી સ્થાનિક લોકોને રોજગારી પુરી પાડવાના પ્રયત્નો ગ્રામ પંચાયતના સરપંચ તેમજ તાલુકા પંચાયતના અધિકારીઓને સોંપવામાં આવી હતી. ત્યારે ગ્રામ પંચાયતના સરપંચ તેમજ તાલુકા પંચાયતના મળતીયા અધિકારીઓની મીલીભગતથી ગરીબોની રોજી રોટી છીનવી લીધી હોય તેમ જણાઈ છે. એક તરફ રોજગાર માટે સરકારના પ્રયત્નો બીજી તરફ સરપંચના સગાઓના રોજગારી મેળવ્યાના લાભો લેતાના કૌભાંડોનો પંચમહાલ સમાચાર દ્વારા પર્દાફાશ કર્યો છે.

## પંચમહાલ જીલ્લામાં આજે ૨૮ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૨૧૯૧ થયો



ગોધરા, પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૨૮ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૨૮ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૨૧૯૧ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૨૮ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરામાં–૦૬, હાલોલ–૧૪, કાલોલ–૦૭, શહેરા–૦૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

- ૩૪ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૨૨૯.
- મૃત્યુ આંક ૧૦૨.

### પંચમહાલ જીલ્લામાં આજે આવેલ પોઝીટીવ કેસ

ગોધરા–૦૬, હાલોલ–૧૪, કાલોલ–૦૧,શહેરા–૦૧.

-: ગોધરા :-

હેમરાજસિંહ જસવંતસિંહ ચૌહાણ -૩૩ વર્ષીય પુરૂષ- હરસિદ્ધી સોસા., સંજયભાઈ સોમાભાઈ પટેલ-૩૨ વર્ષીય પુરૂષ- પટેલ ફળીયું પરવડી, પટેલ રમેશભાઈ મુળજીભાઈ - ૪૫ વર્ષીય પુરૂષ- સર્યુ વિલા,પટેલ કોકિલાબેન રમેશભાઈ- ૪૫ વર્ષીય મહિલા- સર્યુ વિલા, શાહ મુનિશ ભીખાભાઈ-૪૯ વર્ષીય પુરૂષ- ૧૪૨ પ્રભાકુંજ સોસા.,બારીઆ પ્રેમીલાબેન ઉદેસિંહ-૨૮ વર્ષીય મહિલા-બારીઆ ફળીયું.

-: હાલોલ :-

મનીચંદ્ર કુબેરભાઈ પંડયા-૩૦ વર્ષીય પુરૂષ- કાછીઆવાડ, સુશાંત કોકાડુ વરમાન-૪૫ વર્ષીય પુરૂષ- સાકાર બિલ્ડીંગ રિંકી ચોકડી, સુરેશ નરવતસિંધ-૩૫ વર્ષીય પુરૂષ- સુલાબા પાર્ક,રમણલાલ અંબાલાલ પટેલ-૬૪ વર્ષીય પુરૂષ- બી/૫ દર્પણ સોસા.,ધ્યાનેશ્વર માનચક નોવધારે-૨૮ વર્ષીય પુરૂષ- જ્યોતિ નગર, શરીફ મજિત મકરાણી-૨૯ વર્ષીય પુરૂષ- કરીમ કોલોની, પ્રશાંત બંદ પવાર-૨૫ વર્ષીય પુરૂષ- જયોતિ નગર (સનફાર્મા), વિશાલ પવનકુમાર રાજપુર-૨૦ વર્ષીય પુરૂષ-બીએસએનએલ ઓફિસ પાછળ, દિક્ષિતભાઈ ધનશ્યાભાઈ પંડયા-૫૩ વર્ષીય પુરૂષ- શ્રીજી દર્શન એપાર્ટ., બારીઆ ગણપતસિંહ કરણસિંહ-૩૩ વર્ષીય પુરૂષ- મધસાર, પવન ગંગાપ્રસાદ-૩૦ વર્ષીય પુરૂષ- હેમાલી એપાર્ટ., નીલા જીતેન્દ્ર પટેલ-૪૦ વર્ષીય મહિલા- નર્મદા નગર, દુષ્યંત મહેશ પરમાર-૨૮ વર્ષીય પુરૂષ- નગીના પાર્ક, શિવાનીબેન દુષ્યંતભાઈ પરમાર-૨૬ વર્ષીય મહિલા- નગીના પાર્ક.

-: કાલોલ :-

સમીશભાઈ છગનભાઈ પટેલ-૫૦ વર્ષીય પુરૂષ- સ્વાગત સોસા. ડેરોલ સ્ટેશન, દિપકકુમાર જગદીશચંદ્ર દરજી-૩૧ વર્ષીય પુરૂષ- આર્યુવેદિક ડિસ્પેન્ચરી પાછળ ડેરોલ સ્ટેશન, અશોકભાઈ રામાભાઈ વણકર-૨૫ વર્ષીય પુરૂષ- વણકરવાસ ખાંડેવાલ, કમલેશભાઈ દેવશંકર પુરોહિત-૪૯ વર્ષીય પુરૂષ- કાછીઆવાડ, વિરેન્દ્રસિંહ કનુભાઈ મુળજીભાઈ-૩૪ વર્ષીય પુરૂષ- વૃંદાવન પાર્ક, જગદીશ કાંતિલાલ સુથાર-૬૧ વર્ષીય પુરૂષ- સુશાનદીપ સોસા., રીદ્ધીબેન કમલેશભાઈ પુરોહિત- ૨૩ વર્ષીય મહિલા- ગરબા ગ્રાઉન્ડ જી.આઈ.ડી.સી.

-: શહેરા :-

રાજેન્દ્રકુમાર ડાહ્યાભાઈ ભરવાડ-૩૩ વર્ષીય પુરૂષ- ભરવાડ ફળીયા ગુણેલી.

## મોરવા હડફ અને લીમખેડા પોલીસમથકની ચોરીના બે ગુના ઉકેલતી સાયબર ક્રાઈમ



તસ્વીર : હસમુખ શિકારી મોરવા(હ)

મોરવા(હ), મોરવા હડફ પોલીસમથકે નોંધાયેલ ચોરીના ગુનાના ફરિયાદી દ્વારા પોતાનો મોબાઈલ ફોન મોરવા હડફ મામલતદાર કચેરી સામેની દુકાન પરથી ચોરાઈ ગયો હોવાની રજૂઆત સાયબર ક્રાઇમ પોલીસમથક પંચમહાલ રેન્જને કરવામાં આવી હતી, જેને લઈને મોબાઈલ નંબરના લોકેશનને આધારે સાયબર પોલીસ દ્વારા તપાસ કરવામાં આવતા ફોનનું લોકેશન ગોધરા શહેરના ગોંદરા સર્કલ પાસેનું મળી આવ્યું હતું, જેને લઈને બાતમીદાર રાખી તપાસ કરવામાં આવતા એક ઓટો રિક્ષામાં ત્રણ ઈસમો તેમની પાસેના બે ફોન ગ્રાહક શોધીને વેચવાની પેરવીમાં છે, જેને આધારે પોલીસે બાતમી વાળી જગ્યા પર જઈ તપાસ કરતા એક રિક્ષામાં બેઠેલા ત્રણ પૈકી બે ઈસમો પોલીસને જોઈ ભાગી ગયા હતા જ્યારે એક વ્યક્તિ પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો પોલીસે તેની અટકાયત કરી નામ પૂછતાં યુનુસ મુસા ઘાંચી જણાવ્યું હતું, પોલીસે તેની અંગજડતી કરતા તેની પાસેથી બે મોબાઈલ ફોન મળી આવ્યા હતા, પોલીસ દ્વારા વધુ ઘનિષ્ઠ પૂછપરછ કરાતાં આ ફોન અલ્તાફ સુલેમાન ઓલા ઈસ્માઈલ બેલી સાથે મળીને મોરવા હડફ મામલતદાર કચેરી સામેથી ચોર્યા હોવાની કબૂલાત કરવામાં આવી હતી, પોલીસ દ્વારા કુલ ૭૭ હજારનો મુદ્દામાલ કબજે કરી પકડાયેલા આરોપીને મોરવા હડફ પોલીસને સોંપવા ની તજવીજ હાથ ધરવામાં આવી હતી જ્યારે અન્ય બે ઈસમોને વોન્ટેડ જાહેર કરી બે અલગ અલગ પોલીસમથકની ચોરીના ગુનાનો ભેદ ઉકેલી કાઢવામાં આવ્યો હતો.

## પંચમહાલ જિલ્લા બસ ઓપરેટર એસોસિએશન દ્વારા વિવિધ માંગણીઓની કલેકટરને આવેદન



ગોધરા, પંચમહાલ જિલ્લામાં પોઈન્ટ ટુ પોઈન્ટ, ટુરિસ્ટ બસ સ્કુલ બસ અને કંપની બસ સેકટરમાં બસ સેવા આપતા સંચાલકો દ્વારા કોરોના મહામારી વચ્ચે આજે એકઠા થઈ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું, જેમાં જણાવવામાં આવ્યું હતું કે વાહન ચલાવવું ન હોય તો નોન યુઝડ ટેક્સ ભરવાની સિસ્ટમ રદ્દ કરી ટેક્સ ભર્યા વિના વાહન નોન યુઝડ સ્વીકારમાં આવે, તેમજ હાલની સ્થિતિને ધ્યાનમાં રાખીને રોડ ટેક્સ ભરવાની અવધિ વધુ ૬ મહિના સુધી લંબાવવામાં આવે, લોક ડાઉન ના ત્રણ માસ વ્યવસાય બંધ હોઈ બેંકના હપ્તા અને વ્યાજ ભરવામાં રાહત આપવામાં આવે, તદ્ઉપરાંત વિમાની અવધિમાં ૬ માસનું એક્સ્ટેન્શન્સ આપવા જેવી માંગણીઓ કરવામાં આવી હતી, જિલ્લા કલેક્ટર વતી અધિક નિવાસી કલેકટર દ્વારા આવેદનપત્ર સ્વીકારવા માં આવ્યું હતું.

## જીલ્લાના ફરાસખાના તેમજ લાઈટ ડેકોરેશન એસોસિએશન દ્વારા કલેકટરને આવેદનપત્ર



ગોધરા, હાલમાં કોરોના મહામારી ચાલી રહી છે જેને લઈને હાલમાં જાહેર કાર્યક્રમો બંધ રાખવા માટે સરકાર દ્વારા ગાઈડલાઈન બહાર પાડવામાં આવી છે, બીજી તરફ સરકાર દ્વારા આ ગાઈડલાઈન્માં છૂટછાટ આપી કેટલીક મર્યાદા સાથે જાહેર કાર્યક્રમોને છૂટ આપવામાં આવી છે ત્યારે આજે કાલોલ તાલુકા ફરસખના અને લાઈટ ડેકોરેશન એસોસિએશન દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી કે શુભપ્રસંગોએ ૧૦૦ વ્યકિતની જગ્યાએ ૫૦૦ વ્યકિતને આમંત્રિત કરવાની છૂટ આપવામાં આવે, છેલ્લા ૬ માસથી પોતાનો વ્યવસાય બંધ થઈ જવાથી આ વ્યવસાય સાથે સંકળાયેલા પંચમહાલ જિલ્લાના ૫૦૦ ઉપરાંત પરિવારોની આર્થિક સ્થિતિ કફોડી બનવા પામી છે.

## મુંબઈ-કોલકાત્તા મેચ પર સટ્ટો રમતા ત્રણ નબીરાઓ ઝડપાયા



વડોદરા, કોરોનાનાં કહેર વચ્ચે લોકોને એક ખુશી IPL શરૂ થયા બાદ થઈ હોય તેવુ તમે ઘણી જગ્યાએ સાંભળ્યુ હશે. જો કે IPL ક્રિકેટ ટૂર્નામેન્ટ શરૂ થયા બાદ સટ્ટોડિયાઓ પણ સક્રિયા થઈ ગયા છે. મળી રહેલા સમાચાર મુજબ વડોદરામાં IPL ની મેચ પર સટ્ટો રમતા અમુક નબીરાઓ પોલીસનાં હથ્થે ચઢ્યા છે.

મુંબઈ ઈન્ડિયન્સ અને કોલકતા નાઈટ રાઈડર્સ વચ્ચે મેચ રમાઈ રહી હતી, જે દરમિયાન વડોદરાનાં તાંદલજાનાં મહાબલીપુરમ ખાતે અમુક નબીરાઓ સટ્ટો રમી રહ્યા હતા. જ્યા પોલીસે અચાનક દરોડો પાડી સટ્ટોડિયાઓને ચોંકાવી દીધા હતા. અહી ત્રણ શખ્સ ઓનલાઈન સટ્ટો રમતા પોલીસનાં હથ્થે ચઢી ગયા હતા, પોલીસે તેમની ધરપકડ કરી આગળની કાર્યવાહી શરૂ કરી દીધી છે. મળી રહેલી માહિતી અનુસાર સટ્ટોડિયાઓ પાસેથી અંદાજે ૩૭ હજારનો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, રાજકોટનાં એસટી બસ સ્ટેન્ડ પાછળ આવેલી હોટલ વાત્સલ્યમાં રૂમ નં.૪૦૧માં દારૂ અને જુગારની મહેફીલ માણતા છ શખ્સોને ક્રાઈમ બ્રાંચની ટીમે ઝડપી લીધા હતા. પોલીસે હોટલનાં રૂમમાંથી મોબાઈલ, રોકડ તથા દારૂની બોટલ તેમજ સાંકેતીક ભાષામાં લખેલી ક્રિકેટ ચીઠ્ઠી સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

## ATSએ ગાંધીનગરમાંથી ૯૯ લાખની જૂની ચલણી નોટો સાથે એકની ધરપકડ કરી

ગાંધીનગર, ભારત સરકાર દ્વારા ૨૦૧૭માં નોટબંધી કર્યા બાદ ગુજરાતમાં હજુ પણ ચલણી નોટો મળી આવવાનો સિલસિલો યથાવત છે ત્યારે ગુજરાત ATSએ ૯૯.૪૯ લાખ રૂપિયાની પ્રતિબંધિત ચલણી નોટોનો જથ્થો ગાંધીનગર સેકટર ૨૮માં બગીચા પાસેથી પકડી પાડ્યો છે. મહત્વનું છેકે આ જૂની પ્રતિબંધિત ચલણી નોટોના જથ્થા સાથે પોલીસે એક વ્યકતિની ધરપકડ પણ કરી છે. મળતી માહિતી મુજબ થોડા સમય પહેલા પણ ગોધરા વિસ્તારમાં આવું જ ઓપરેશ કરી બે આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર માર્કેટિંગ વ્યવસાય સાથે સંકળાયેલ મનીષ સંઘાણી નામના શખ્સની ATSએ ધરપકડ કરી છે. ઉલ્લેખનીય છે કે આ શખ્સ મૂળ મોરબી-હળવદનો રહેવાસી છે. જેની ગાંધીનગર સેકટર ૨૮માં બગીચા પાસેથી જૂની પ્રતિબંધિત ચલણી નોટોનો જથ્થો કારમાંથી ATSએઝડપી પાડ્યો છે.